ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### આરોપીઓ પાસેથી હાઇડ્રોલિક કટર, તાર કાપવાની કટર, લોખંડનો ઘણ, દસ્તા, છરા, ગીલોલ સહિતના સાધનો અને હથિયારો કબજે

## પારધી ગેંગના સાત ધાડપાડુ ઝડપાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

દાહોદ એલસીબી પોલીસે મોટી સફળતા મેળવી મધ્યપ્રદેશના ગુના જિલ્લાની આંતરરાજ્ય પારધી ગેંગના સાત કુખ્યાત ધાડપાડુઓને ધાડ-લૂંટના ગુનાને અંજામ આપે તે પહેલાં જ ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી હાઈડ્રોલિક કટર, તાર કાપવાની કટર, લોખંડનો ઘણ, દસ્તા, છરા, ગીલોલ સહિતના સાધનો અને હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ ડી.એમ. ડોલને બાતમી



મળી હતી કે મહેસાણા, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ભાવનગર સહિત વિવિધ જિલ્લાઓમાં ધાડ, લૂંટ અને ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલી પારધી ગેંગ દાહોદમાં કોઈ મોટો ગુનો આચરવાની તૈયારીમાં છે. બાતમીના આધારે પીઆઈ ડી.એમ. ડોલ, પીએસઆઈ જી.બી. રાઠવા, પીએસઆઈ એન.બી. પરમાર અને એલસીબીની ટીમે મહિન્દ્રા શોરૂમ સામે આરટીઓ કચેરી નજીકના ખુલ્લા મેદાનમાં વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. પોલીસે ભારતસિંહ કલ્યાણસિંહ સોલંકી, રીતિક તોફાનભાઈ સોલંકી, કેવલ જાનકીલાલ પુવાર, વલ્લુ ઉર્ફે બલ્લુ તોફાનભાઈ સોલંકી, વિવેક ઉર્ફે ગોપી કાલીયા સોલંકી, મલિકરાવ ગુજરાવ તીતારામ ચૌહાણ અને બિરેનસિંહ ઉર્ફે બેરન ચમન ઉર્ફે ચીમનલાલ સોલંકીને ઝડપી લીધા હતા. અંગજડતી દરમિયાન ગીલોલ, પાંચ છરા, હાઈડ્રોલિક કટર મશીન, તાર કાપવાની કટર, લોખંડનો ઘણ, બે દસ્તા અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પૂછપરછમાં આરોપીઓએ તાળા, દરવાજાના નકુચા અને સળિયા તોડવા માટે આ સાધનોનો ઉપયોગ કરતા હોવાની કબૂલાત આપી હતી. દિવસ દરમિયાન રમકડાં વેચવાના બહાને રેકી કરીને રાત્રે ગુનાઓ આચરતા હોવાનું પણ બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં કેવલ પુવાર સામે 27, વિવેક ઉર્ફે ગોપી સામે 14 તેમજ અન્ય આરોપીઓ સામે પણ ધાડ, લૂંટ અને ચોરીના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. સમયસરની કાર્યવાહીના કારણે દાહોદ પોલીસે એક મોટો ગુનો બનતો અટકાવ્યો હતો.

### પોલીસ સ્ટેશનથી માંડ 500 ફૂટ દૂર અકસ્માત સર્જાયો

## ઝાલોદમાં અજાણ્યા વાહનની ટક્કરે ટ્રક ચાલકનું કરૂણ મોત

દાહોદ: રાજસ્થાનના નાગોર જિલ્લાના મૂડગસોઈ ગામના રામેશ્વરલાલ છોટુ રામ જાટ ગત તારીખ 3-6-2026 ના રોજ રાત્રિના સુમારે પોતાના કબજાની ટ્રક લઈ ઝાલોદ તરફ આવ્યા હતા તે દરમિયાન તેઓને ચા પીવાની ઈચ્છા થતા તેઓ સામેની સાઈડમાં આવેલ ઝાલોદ જુની આરટીઓ કચેરી પાસેની ચાની દુકાન પર ચા પીવા માટે રોડ ક્રોસ કરી સામેની સાઈડમાં જતા હતા તે વખતે પૂરપાટ દોડી આવતું કોઈ અજાણી વાહન તેઓને ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર રામેશ્વર લાલ જાટને માથાના ભાગે, શરિરે તેમજ હાથે-પગે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ ઝાલોદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ગંભીર ઈજાગ્રસ્ત ટ્રક ડ્રાઈવર રામેશ્વરલાલ છોટુરામ જાટને સારવાર અર્થે ઝાલોદ સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધે રાજસ્થાનના નાગોર જિલ્લાના સુવારામ બાબુરામ જાટે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## સિંગવડ ગ્રામ પંચાયતની ગ્રામસભામાં ગટર, રોડ અને ગંદા પાણીના પ્રશ્નો ચર્ચાયા



(પ્રતિનિધિ) સિંગવડ,દાહોદ, તા.5

સિંગવડ ગ્રામ પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી મતી રાધાબેન બારીયાની અધ્યક્ષતામાં મળેલી ગ્રામસભામાં ગામના વિકાસ અને સ્વચ્છતાના અનેક પ્રશ્નો પર ચર્ચા થઈ હતી. સરપંચ મતી લખીબેન અને તલાટી કમ મંત્રી સંજયભાઈ પટેલની હાજરીમાં ગ્રામજનોએ પોતાના વિસ્તારની સમસ્યાઓ રજૂ કરી હતી. ગટર લાઈનની વિસ્તૃત માહિતી: તલાટી કમ મંત્રી સંજયભાઈ પટેલે જણાવ્યું કે સરકારની ગ્રામો ઉદ્યાન યોજના હેઠળ આખા ગામમાં મોટી ગટર લાઈન નાખવાનું આયોજન છે. ગટર લાઈન ક્યાંથી પસાર થશે તેની વિગતવાર માહિતી આપી ગ્રામજનો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા હતા. તલાટીએ સ્પષ્ટતા કરી કે સરકાર તરફથી મંજૂરી અને ફાળવણી મળશે ત્યારે જ કામ શરૂ થશે. ફળિયા અને બજારના પ્રશ્નો હરીજન ફળિયાના કેવળભાઈએ સ્મશાને જવાના આરસીસી રોડ, સ્મશાન સ્થળે હેન્ડપંપ અને સ્મશાન શેડ બનાવવાની રજૂઆત કરી. ઘાંચી ફળિયાના રહેવાસીઓએ ચોમાસામાં કાદવ-કિચડના કારણે આરસીસી રોડ અથવા પેવર બ્લોક, સ્ટ્રીટ લાઈટ અને હેન્ડપંપની માંગણી કરી હતી.

## ડુંગરા ગ્રા.પં.માં બોરવેલને લઈ સરપંચ સાથે લાભાર્થીની તકરાર

એક તરફ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ગામડાના છેવાડાના માનવી સુધી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે તે માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે અને લાભાર્થીઓને સીધો લાભ મળે તે માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ બીજી તરફ કેટલાક સ્થળોએ ભ્રષ્ટાચાર, બેદરકારી અને મનમાનીના કારણે યોજનાઓનો વાસ્તવિક લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતો નથી. દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની ડુંગરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં પણ આવો જ એક વિવાદ સામે આવ્યો છે, જ્યાં બોરવેલ યોજનાના લાભને લઈને સરપંચ અને લાભાર્થી વચ્ચે ઉગ્ર તકરાર સર્જાઈ હોવાનું સામે આવ્યું છે... લાભાર્થીના જણાવ્યા મુજબ, તેને પ્રથમ વખત સરકારી યોજના હેઠળ બોરવેલનો લાભ મળ્યો હતો. બોર 270 ફૂટ ઊંડો કરવામાં આવ્યો હોવા છતાં માત્ર 200 ફૂટ વાયર અને પૂરતી સામગ્રી ન મળ્યાનો આક્ષેપ કર્યો છે જ્યારે આ અંગે સરપંચને ફોન દ્વારા રજૂઆત કરતાં મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વાયરલ ઓડિયોમાં અપશબ્દોનો ઉપયોગ થયો હોવાની પણ ચર્ચા છે.

## હાલોલની પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

(પ્રતિનિધિ) હાલોલ, તા.5



જિલ્લા વહીવટી તંત્ર તથા ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી-હાલોલના સંયુક્ત ઉપક્રમે આજે 'ખેતી બચાઓ અભિયાન' તથા આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ-૨૦૨૬ અંતર્ગત 'વિશ્વ પર્યાવરણ દિન અને પ્રાકૃતિક કૃષિ નિદર્શન પરિસંવાદ'નું ભવ્ય આયોજન યુનિવર્સિટી ભવન ખાતે રાજ્ય કૃષિ મંત્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને સરકારનો અભિગમ દર્શાવતા રાજ્ય કૃષિ મંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકાર ખેડૂતોને સમૃદ્ધ અને પગભર બનાવવા માટે સતત ચિંતિત છે.

ખેતીને આપણી માતા સમાન ગણાવીને મંત્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતો રાસાયણિક ખાતરોથી મુક્ત અને કુદરત સાથે જોડાયેલી પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર અને વહીવટી તંત્ર દ્વારા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, હાલોલ ખાતે આવેલી પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને પ્રકૃતિના સમન્વય સાથે ખેડૂતો અને યુવાનોને વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે.

### 15 વર્ષથી નિયમિત વેરો ભરવા છતાં ગામમાં ગંદકીનું સામ્રાજ્ય

## પઢીયારમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર ન રહે તેવી માગ

(પ્રતિનિધિ) સિંગવડ તા.5

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ અને સંનિષ્ઠ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે પંચમહાલ જિલ્લામાં ૫ જૂનથી ૨૧ જૂન ૨૦૨૬ સુધી સઘન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ ઝુંબેશ માત્ર સોશિયલ મીડિયા કે કાગળ પર જ સીમિત ન રહે અને તેનું વાસ્તવિક અમલીકરણ થાય તેવી ઉગ્ર માંગ પઢીયાર ગામના જાગૃત નાગરિક અને વડીલ આગેવાન કાનાભાઈ રામાભાઈએ ઉઠાવી છે. ગામમાં છેલ્લા ૧૫ વર્ષથી લોકો નિયમિત પંચાયત વેરો ભરતા હોવા છતાં જાહેર માર્ગો પર સાફસફાઈના અભાવે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પઢીયાર ગામની વાસ્તવિક સ્થિતિ અત્યંત દયનીય હોવાનું જણાવતા કાનાભાઈએ આક્ષેપ કર્યો છે કે, ગામમાં પ્રવેશતાની સાથે જ કચરાના મોટા ઢગલાઓનું સ્વાગત જોવા મળે છે. રોડ સંપૂર્ણપણે ધૂળ અને માટીથી ઢંકાઈ ગયા છે. રસ્તા પર જામેલી રેતીના કારણે અવારનવાર બાઈક સ્લીપ થવાના બનાવો બને છે. મૂળમાંથી સફાઈ ન થતી હોવાથી વાહનો પસાર થાય ત્યારે ઉડતી ધૂળ સીધી રાહદારીઓની આંખોમાં જાય છે. ગામમાં રોડની સાઈડમાં પડેલા કચરાના ઢગલાઓ મહિનાઓ સુધી હટાવવામાં આવતા નથી. આ ઉપરાંત, કેટલાક બેજવાબદાર લોકો દ્વારા ગંદા પાણીનો નિકાલ સીધો જાહેર માર્ગો પર કરવામાં આવે છે જેના કારણે ગામમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની પૂરી દહેશત વર્તાઈ રહી છે. ગ્રામજનોની આ ગંભીર સમસ્યાઓ પ્રત્યે વહીવટી તંત્રનું વલણ અત્યંત ઉદાસીન રહ્યું છે. જ્યારે પણ અધિકારીઓને ફરિયાદ કરવામાં આવે છે ત્યારે તેઓ માત્ર ફરિયાદનો કાગળ પર નિકાલ દર્શાવીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લે છે. સ્થળ પરની વાસ્તવિક સમસ્યાઓ જેમની તેમ જ રહે છે. ખુદ પંચાયત ઘરની આસપાસ



પણ ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે તેમ છતાં ગ્રામ પંચાયત કે ઉચ્ચ અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. વડાપ્રધાનનું સ્વચ્છ ભારતનું સપનું અહીં જાણે કે માત્ર એક મજાક બનીને રહી ગયું હોય અને સ્વચ્છતાની વાતો માત્ર કાગળો પર જ થતી હોય તેવો ઘાટ સર્જાયો છે. ભૂતકાળમાં પણ આવી અનેક સ્વચ્છતા ઝુંબેશો આવી અને કોઈ પણ નક્કર કામગીરી વિના પૂર્ણ થઈ ગઈ હોવાનું જણાવતા ગામના આગેવાન કાનાભાઈએ તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો છે. તેમણે સ્પષ્ટ માંગ કરી છે કે હાલમાં જે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ થવા જઈ રહી છે તેનો પઢીયાર ગામમાં ખરા અર્થમાં અમલ થાય અને સ્થળ પર વાસ્તવિક કામગીરી જોવા મળે તે અત્યંત જરૂરી છે. જોવું એ રહ્યું કે તંત્ર આ રજૂઆતને ગંભીરતાથી લઈ પઢીયાર ગામની કાયમી સફાઈ કરાવશે કે પછી આ ઝુંબેશ પણ અગાઉની જેમ માત્ર કાગળ પૂરતી જ સીમિત રહેશે.

### કાલોલ તાલુકા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## મેદાપુર-તાલુકા પંચાયત પરિસરમાં વૃક્ષારોપણ કરાયું, પર્યાવરણ બચાવવા માટે શપથ લીધા




(પ્રતિનિધિ) કાલોલ, તા.5

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સામાજીક વનીકરણ વિભાગ, ગોધરા વિસ્તરણ રેન્જ કાલોલ દ્વારા તાલુકા કક્ષાના વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણની જાળવણી અને હરિયાળીના સંદેશ સાથે કાલોલ તાલુકાના મેદાપુર ગામે તેમજ કાલોલ તાલુકા પંચાયત કચેરીના પટાંગણના પાછળના ભાગમાં વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાના આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં કાલોલ તાલુકાના નવનિયુક્ત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, ઉપપ્રમુખ સંજયભાઈ રાઠોડ તેમજ તાલુકા પંચાયતના વિવિધ સમિતિઓના હોદ્દેદારો અને સંગઠનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વહીવટી તંત્ર તરફથી કાલોલના મામલતદાર વિકાસ પટેલ, તાલુકા વિકાસ અધિકારી આર પી પ્રજાપતી સહિત વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ સક્રિયપણે જોડાયા હતા. મેદાપુર ગામે યોજાયેલા કાર્યક્રમમાં ગામના સરપંચ તથા પંચાયતના સભ્યો અને સ્થાનિક ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ પર્યાવરણ બચાવવાના શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વહીવટી તંત્ર અને આયોજકો દ્વારા આ કાર્યક્રમમાં સ્થાનિક સાંસદ સભ્ય તેમજ ધારાસભ્ય ઉપસ્થિત રહેવાના હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

## કાલોલ પોલીસે વાયર ચોરીનો ગુનો 24 કલાકમાં જ ઉકેલ્યો

કાલોલ : બોરૂ ટર્નીંગ પાસે પોલીસે નાકાબંધી ગોઠવી મોટરસાયકલ પર વાયર લઈને જતા ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ કાતોલ ખાતે આવેલા પાણી પુરવઠા વિભાગના ઈન્ટેક વેલમાંથી 25 મીટર કેબલ વાયર ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ.10 હજારની કિંમતનો વાયર કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં યોગેશભાઈ રમેશભાઈ ડોડીયા (20), હાર્દિકકુમાર સંજયભાઈ પરમાર (22) અને જગદીશકુમાર રંગીતસિંહ જાદવ (22), ત્રણેય રહે. કાતોલ ગામ, તા. કાલોલનો સમાવેશ થાય છે.

## કાલોલ પોલીસે અપહરણ-પોક્સોનો આરોપી ઝડપ્યો

(પ્રતિનિધિ) કાલોલ તા.5

પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનને 'ઓપરેશન મિલાપ' હેઠળ મોટી સફળતા મળી છે. વર્ષ 2024માં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી ફરાર આરોપી ભુપેન્દ્રસિંહ ઉર્ફે ફોફો જશવંતસિંહ સોલંકી (રહે. જેલી-હમીરપુરી, તા. કાલોલ)ને પોલીસે ઝડપી પાડ્યો છે. ગુજરાત પોલીસ મહાનિદેશકની સૂચના મુજબ ગુમ અને અપહરણ થયેલા બાળકો તથા મહિલાઓને શોધવા માટે ચાલી રહેલી વિશેષ ડ્રાઈવ દરમિયાન કાલોલ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ અને તેમની ટીમે હ્યુમન તેમજ ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસમાં આરોપી અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે ભોગ બનનાર યુવતી સાથે મજૂરી કામ કરતો હોવાનું જાણવા મળતા પોલીસે ત્યાં દરોડો પાડી બંનેને શોધી કાઢ્યા હતા. આરોપીને કાલોલ લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### પર્યાવરણ અને યોગિક ખેતી પર ખેડૂતોને વિશેષ માર્ગદર્શન

## બ્રહ્માકુમારીઝ ગોધરા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ) ગોધરા તા.5

બ્રહ્માકુમારીઝ સેન્ટર, ગોધરા દ્વારા છારીયા સ્થિત રાજઋષિ રિટ્રીટ સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની પ્રેરણાદાયક ઉજવણી કરાઈ. કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને યોગિક ખેતી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં ૧૦૦થી વધુ ખેડૂત ભાઈ-બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.રાજયોગિની સુરેખા દીદીએ પ્રકૃતિને માતા સમાન ગણી તેના જતન- વધુ વૃક્ષો વાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. નાબાર્ડના નિવૃત્ત મેનેજર રાજેશભાઈ દવેએ ખેડૂતોને યોગિક ખેતીના વિવિધ પાસાઓ અને ફાયદાઓ સમજાવ્યા હતાં.

**દરખાસ્ત** જાહેર સ્થળો ઉપર બાંકડા મુકવાની,સ્મશાન,કબ્રસ્તાન તેમજ આસપુર ચોકડી ખાતે જાહેર શૌચાલયો બનાવવા રજૂઆત કરાઈ

## સુખસર ગ્રામસભામાં સ્વચ્છતા અંગે મહત્વના નિર્ણયો લેવાયા

(પ્રતિનિધિ) સુખસર,તા.5

સુખસર ગામમાં યોજાયેલી ગ્રામસભામાં ગામના વિકાસ, સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધાઓને લગતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામજનોના સૂચનો અને માંગણીઓને ધ્યાનમાં રાખીને ગામને વધુ સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર બનાવવા માટે વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા છે.ગ્રામસભામાં જાહેર સ્થળોએ લોકો માટે બેસવાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી બાંકડા મુકવાની દરખાસ્ત કરવામાં આવી હતી. ઉપરાંત સ્મશાન, કબ્રસ્તાન તેમજ આસપુર ચોકડી ખાતે જાહેર શૌચાલયોના નિર્માણ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપતા ગામના મુખ્ય રસ્તાઓની બંને બાજુ તેમજ અન્ય જાહેર સ્થળોએ વૃક્ષારોપણ અને ફૂલછોડ વાવવાની યોજના પર સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી. ગામની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ગટર લાઈનોની નિયમિત સફાઈ, મેઈન બજાર વિસ્તારમાં અધૂરા વિકાસ કામો પૂર્ણ કરવા, કચરાની ગાડી અને ડસ્ટબીનની વ્યવસ્થા ઉભી કરવા તેમજ જાહેર સ્થળોએ કચરો ફેંકનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો હતો.આરોગ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને ગામમાં ખાણીપીણીની લારીઓ ચલાવતા વેપારીઓ માટે મોજા અને માથા પર કવર પહેરવું ફરજિયાત બનાવવાની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગામના તમામ ફળિયાઓમાં સમયસર પીવાના પાણીનું વિતરણ, બંધ પડેલા નાળાઓ અને જૂના પાણીના ટાંકાના પ્રશ્નોનો ઉકેલ લાવવા તેમજ બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોનું તાત્કાલિક સમારકામ કરવા પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.



### પ્રમુખ નિર્મળાબેને લીમડો વાવી એક વૃક્ષ એક જીવનનો સંકલ્પ લેવડાવ્યો

## સિંગવડ નવી મામલતદાર કચેરીમાં પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ યોજાયુ

(પ્રતિનિધિ) સિંગવડ તા.5

વિશ્વ પર્યાવરણ દિવસ તા. 5 જૂનના રોજ સિંગવડની નવી મામલતદાર કચેરી પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત તાલુકા પંચાયત પ્રમુખ *શ્રીમતી નિર્મળાબેન ભાભોર*ના હસ્તે લીમડાનો રોપો વાવીને કરવામાં આવી હતી. આ પ્રસંગે સિંગવડ ભાજપ પ્રમુખ મહેશભાઈ બારીયા, માજી પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી મુકુંદભાઈ સહિત તાલુકાના સરપંચો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સિંગવડ મામલતદાર અને કચેરીના સમગ્ર સ્ટાફ તથા તાલુકા પંચાયતના કર્મચારીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વૃક્ષોની જાળવણી માટે વિસ્તરણ રેન્જ ઓફિસ



લીમખેડા દ્વારા રોપા લાવવામાં આવ્યા હતા અને દરેક રોપાની આજુબાજુ જાળી લગાવી ઉછેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. રેન્જ ઓફિસના કર્મચારીઓ પણ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. પ્રમુખ નિર્મળાબેન ભાભોરે જણાવ્યું કે વૃક્ષ એ જીવન છે.